મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR
ગુરુવાર, તા. ૧૬-૫-૨૦૧૯

# લાડકી




કવર સ્ટોરી

હેમંત વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# બૉક્સિંગે બંદૂકથી બચાવી

## કિશોરાવસ્થામાં વિદ્રોહી બનવાનો વિચાર કરનારી સરિતાદેવીને બૉક્સિંગના નાદે અવળે રસ્તે જતાં અટકાવી દીધી હતી

જીવનની સફર ક્યારેક એવા વળાંક પર આવીને ઊભી રહે છે કે કયા રસ્તે આગળ વધવું એ દિમાગ નક્કી નથી કરી શકતું. મૈં ઇધર જાઉં યા ઉધર જાઉં જેવી પરિસ્થિતિ ઊભી થાય છે. એમાં જો કિશોરાવસ્થા જેવો સમય હોય તો અવળે રસ્તે ચડી જવાની સંભાવના ભારોભાર હોય છે. ક્યારેક વિકલ્પો એવા હોય છે કે આંખો આંજી દે, પણ એમાં થોડા આગળ નીકળી ગયા પછી એક દિવસ અચાનક ભાન થાય કે આગળ તો ઘોર અંધારું છે. ત્યારે પાછા વળવાની ઈચ્છા હોય તોય એ અમલમાં નથી મૂકી શકાતી.ક્યારેક નસીબ પાધરા હોય તો પહેલું ડગ ખોટું માંડ્યા પછી તરત ખ્યાલ આવી જતા પાછા વળી જવાની અંતરસ્ફૂરણા થતી હોય છે. માહ્યલો જ કહી દે કે ના, ના રહેવા દે એ દિશામાં આગળ વધવું. એટલે ડગ પાછા વળી જાય છે અને સાચા અને સારા રસ્તે આગળ વધે છે. પછી એક એવી મુસાફરી શરૂ થાય છે જે અંગત જીવનમાં તો પ્રકાશ પાથરે જ છે, પણ સાથે સાથે અન્યોના જીવનમાં પણ મદદરૂપ બની શકે છે.

તાજેતરમાં બેન્ગકોકમાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશીપમાં આઠમો મેડલ જીતનારી મણિપુરની ૩૭ વર્ષની બોક્સર સરિતાદેવીના જીવનમાં પણ આવો જ પ્રસંગ આવ્યો હતો. આ મેડલ સ્વીકારતી વખતે ૧૮ વર્ષ જૂની સ્મૃતિઓ તાજી થઇ. ૨૦૦૧માં બેન્ગકોકમાં જ તેણે એશિયન ચેમ્પિયનશીપમાં પોતાનો પ્રથમ મેડલ જીત્યો હતો અને એ મેડલ સરિતા સાચા રસ્તે વળી ગઈ હતી એનો બેમિસાલ પુરાવો હતો. માણસના જીવનમાં ક્યારે અને કેવો પલટો આવી જતો હોય છે અને માણસ ક્યાંક પહોંચવાને બદલે બીજે ક્યાં પહોંચી જાય છે એ સમજવા માટે સરિતાદેવીના જીવનમાં ડોકિયું કરવું જોઈએ.

સરિતા કિશોરાવસ્થામાં હતી ત્યારે ભણતરની સાથે સાથે પરિવારને ખેતીકામમાં મદદ કરતી હતી. એ સમયે આગળ જીવનમાં શું કરવું એના કોઈ સ્પષ્ટ વિચારો નહોતા. અચાનક ખોટી-બૂરી સંગતમાં સરિતા ભેરવાઈ ગઈ.બ્રેઈન વોશ કરવામાં આવતા તેને વિદ્રોહી ગ્રુપમાં જોડાઈ જવાની તીવ્ર ઈચ્છા થઇ આવી હતી.ઝાઝો વિચાર કર્યા વિના તેણે એક કદમ એ દિશામાં માંડી પણ દીધું હતું. શસ્ત્રધારી બળવાખોરોને ગેરકાયદે શસ્ત્રોની હેરફેરમાં એનાથી મદદ થઇ ગઈ હતી. સરિતા મણિપુરની રાજધાની ઇમ્ફાલના પર્વતીય વિસ્તારના મયાંગ ગામની રહેવાસી છે. ૧૯૯૦ના દાયકામાં આ ગામમાં લોકોને ઉશ્કેરીને વિદ્રોહીઓ બનાવવાની કોશિશો થઇ રહી હતી. એ દિવસો યાદ કરીને સરિતાદેવી જણાવે છે કે ‘મારા ગામમાં વિદ્રોહીઓ સલામત રીતે રહી શકતા હતા. મારી બે સ્કૂલ ફ્રેન્ડ તો બળવાખોરોના ગ્રુપમાં જોડાઈ પણ હતી.જોકે, ત્યાર પછી એમનું શું થયું એની આજ દિન સુધી મને ખબર નથી પડી. પછી તો કિશોરો ડ્રગ્સના રવાડે ચડી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.’

બસ, સરિતાના કદમ અવળે રસ્તે આગળ વધતા અટકી ગયાં. આ કિશોરોને સારે અને સાચે રસ્તે કઈ રીતે વાળી શકાય એના વિચારો જ એને ઘેરી વળી રહ્યા હતા. નજર સામે સમવયસ્ક મેરી કોમનું ઉદાહરણ હતું જ. હાથમાં બંદૂક પકડવાના વિચારને કાયમ માટે ગોળી મારીને હાથમાં બોકિંસગના ગ્લ્વઝ પહેરી લીધા. વિશ્વવિખ્યાત બોક્સર મોહમ્મદ અલીથી સરિતા અત્યંત પ્રભાવિત હતી. ૨૦૦૦ની સાલમાં ૧૮ વર્ષની ઉંમરે સરિતા પ્રોફેશનલ બોક્સર બની ગઈ અને બીજે જ વર્ષે એટલે કે ૨૦૦૧માં બેન્ગકોકમાં યોજાયેલી એશિયન સ્પર્ધામાં તેણે ભારતનું

(જુઓ પાનું ૭) ▶▶

